ગાંધીનગર સમાચાર
તા. ૩-૨-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

## વેરનાં વાવેતર

અડાલજ ખાતે બનેલી બે જ્ઞાતિ સમુદાયો વચ્ચેની મારામારીની ઘટના આંખ ઉઘાડનારી છે. બે વ્યક્તિઓ વચ્ચે ઝઘડાએ બે જ્ઞાતિઓ વચ્ચેના ઝઘડાનું ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું અને એને કાબૂમાં લેતાં પોલીસખાતાને પણ નવ નેજાં થઇ ગયાં. ક્ષુલ્લક ગણાય એવા મુદ્દે થતી બોલાચાલી આવું ઉગ્ર સ્વરૂપ પણ પકડી શકે, એથી આશ્ચર્ય જ થાય. સદીઓ-સહસ્રાબ્દીઓથી એકબીજાની સાથે બની મળી-સંપીને રહેતા લોકો કોણ જાણે આટલી હદે અસહિષ્ણુ કેમ બની જાય છે, એક તરફ ગ્રામીણ વિસ્તારોનો કૂદકે ને ભૂસકે વિકાસ થતો જાય છે, બીજી તરફ ગ્રામજીવનમાં પરંપરાગત મૂલ્યો વિસરાતાં જાય છે. એક સમય હતો જયારે ગુજરાતના ગામડામાં ‘અઢારે વરણ’ વચ્ચે અદ્‌ભૂત સૌહાર્દ પ્રવર્તતું હતું. ખેડૂત ખેતી ઉપરાંત પશુપાલન કરતો હોઇ એને ત્યાં આંતરે દિવસે ઘમ્મરવલોણાના સૂર ગુંજતા રહેતા. વસવાયાં ગણાતી કોમોને ખેડૂતના વલોણાથી છાશ મફત મળતી હતી. ડેરી ઉદ્યોગ સ્થપાયા પછી દૂધ એ આવકનું સ્રોત બની રહ્યું છે. ખેડૂત પોતાના બાળકોને દૂધ નથી પિવડાવી શકતો. એ વધુમાં વધુ દૂધ ડેરીમાં ભરાવી દઇ રોકડી કરી લે છે. બદલાયેલા સંજોગો સાથે ગ્રામીણ પ્રજાની માનસિકતા પણ બગડતી ગઇ છે. એનામાં અગાઉની પેઢીઓ જેવી ઉદારતા, બંધુત્વ-ભાઇચારાની ભાવના કે પાડોશી પ્રત્યેની ફરજ જેવી બાબતો શોધી જડતી નથી. વિશેષપણે ચૂંટણીના રાજકારણે આ ભોળી કબૂતર જેવી પ્રજાને વટલાવી દીધી છે. હવે એક જ પરિવારમાં અલગ અલગ રાજકીય વિચારધારામાં માનતી વ્યક્તિઓ મળી આવે છે. એમનામાં અગાઉ જેવી એકમેકને અનુકૂળ બની રહેવાની સમાધાનવૃત્તિનો સદંતર અભાવ જોવા મળે છે. રાજકારણીઓ એમને નાની મોટી લાલચો આપી ભરમાવતા અને લલચાવતા રહે છે. સરવાળે જાગૃતિને બદલે ચૂંટણી જેવા પવિત્ર પર્વે પણ ગામડાની પ્રજામાં વેરનાં વાવેતર થતાં રહે છે. ચૂંટણી ટાણે ગામની જ્ઞાતિઓ - કોમો વચ્ચે રીસસરના ભાગલા પડી જતાં હોય છે. જ્ઞાતિ સમુદાયે એકમેકની વિરુદ્ધ મોરચા માંડી બેસે છે, જેની પશ્ચાતવર્તી અસરો અડાલજ જેવી કમનસીબ ઘટનાઓને જન્મ આપે છે. રાજકારણની સાચી સમજણ કેળવવાને બદલે ગામડાંની ભલીભોળી પ્રજાને રાજકારણીઓ પોતાના નિહિત સ્વાર્થો ખાતર બહેકાવે છે, ભડકાવે છે અને એકમેકની વિરુદ્ધ લડાવી મારે છે. આમાં જયારે સમસ્ત જ્ઞાતી સમુદાય કોઇ નાના મુદ્દાને પ્રતિષ્ઠાનો પ્રસ્ન બનાવી દે છે ત્યારે સામા પક્ષે પણ એટલા તીવ્ર પ્રત્યાઘાતો પડે છે. આખરે આ પ્રકારની નકારાત્મક પરિસ્થિતિને લીધે માણસાઇના દીવા રામ થઇ જાય છે. શહેરીકરણના અનેક લાભો સાથે માણસને સ્વાર્થનું પૂતળું બનાવી દેવાની સંકુચિતતા પ્રવેશી છે, તે ખુબ જ ચિંતાજનક છે. જ્ઞાતિસમુદાયો વોટબેન્કોમાં ફેરવાતાં રહે છે અને રીઢા રાજકારણીઓ આ નબળી નસ દબાવી પોતાનું તરભાણું છલકાવતા રહે છે. રાજકારણને સિદ્ધાંત અને માનવમૂલ્યોની કસોટીએ કસી વિકાસલક્ષી બનાવવાને બદલે માણસ-માણસ વચ્ચે વેરનાં વાવેતર જ થતાં રહેશે તો લાંબા ગાળે આપણી અસ્મિતા જોખમાશે, એમાં મીનમેખ નથી. અડાલજમાં બનેલી ઠાકોર-રબારી જ્ઞાતિ સમુદાય વચ્ચેની મારામારી આવા અનેક અર્થસંકેતો ધરાવતી શકવર્તી ઘટના છે. એનું પુનરાવર્તન ન થાય, એ માટે બધાએ વેળાસર ચેતવાની જરૂર છે.



સેકટર-૭ સ્થિત ચૌધરી કોલેજ ઓફ એજયુકેશન દ્વારા મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિન નિમિત્તે ‘મહાત્મા ગાંધી અને સફાઈ’ શિર્ષક હેઠળ ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં મોટી સંખ્યામાં પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં વારી પટેલ, અંકિતા બાલપાંડે અને જયોત્સના સિસોદિયા પ્રથમ ત્રણ નંબરે આવ્યા હતા.

## હરિની દૃષ્ટિ...




સાલુ, હવે પ્રાઉડ ફીલ થાય છે... એક રોગે આપણને અને માણસોને સાથે જોડી દીધા...!!

## વિશ્વ જળપ્લાવિત દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨

વનશ્રી ટ્રસ્ટ દ્વારા વર્લ્ડ વેટલેન્ડ ડેની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાએ સેંટ ઝેવિયર્સ સ્કુલમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કર્યું હતું અને જળ પ્લાવિત વિસ્તારો વિશે માહિતી પુરી પાડી હતી. ૨જી ફેબ્રુઆરીને વિશ્વ જળપ્લાવિત દિવસ તરીકે મનાવવામાં આવે છે ત્યારે નગરની વનશ્રી સંસ્થાએ આ દિવસને લઈને ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યુંહતું. સેંટ ઝેવિયર્સ સ્કુલમાં નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાના ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વનશ્રી ટ્રસ્ટના અંજના નિમાવતે વિદ્યાર્થીઓને જળ પ્લાવિત વિસ્તાર વિશે માહિતી પુરી પાડી હતી.

# યુનિવર્સિટી સેનેટની ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા હવે ઉમેદવારી

## એબીવીપીના ઉમેદવારોએ ફોર્મ દાખલ કરતા ઉત્સુક્તા રહી : કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ લડાયક મૂડમાં આવી ગઈ

અમદાવાદ, તા. ૨

ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થી સેનેટની ૨૨મી ફેબ્રુઆરીના દિવસે ચુંટણી યોજાનાર છે. કુલ ૧૦ બેઠકો માટે ચુંટણી જંગ ખેલાશે જેના માટે કોંગ્રેસ અને ભાજપની પાંખ વચ્ચે તીવ્ર સ્પર્ધા થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

૧૦ બેઠકો માટે ૨૨ ફેબ્રુઆરીનાં રોજ ચુંટણી યોજાશે. જેના માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રકિયા અત્યારે હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત આજે ભારતીય જનતા પાર્ટીની વિદ્યાર્થી પાંખ ગણાતા અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદ દ્વારા સાત બેઠકો માટે ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યા હતા. જયારે કોગ્રેસની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઈ દ્વારા બુધવારે ઉમેદવારી ફોર્મ ભરવામાં આવશે. સેનેટની ચૂંટણી માટે એબીવીપીનાં જે ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે ને માં યુજી સાયન્સ ફેકલ્ટીની બેઠક માટે એમજી સાયન્સ કોલેજનાં કુંજલ પટેલ, યુજી સાયન્સ ફેકલ્ટીની બેઠક માટે સ્કુલ ઓફ સાયન્સના કીર્તિ ભરવાડ, યુ.જી. કોમર્સ ફેકલ્ટીની બેઠક ઉપર એમ.એસ.પટેલ કોલેજના ઋુશની શાહ. પી.જી કોમર્સ ફેકલ્ટીવી બેઠક ઉપર ધ્રુવિલ વ્યાસ, બી.એડ. ફેકલ્ટીની બેઠક ઉપર રચિત પટલે, લો ફેકલ્ટીની બેઠક ઉપર નિર્મિત દીક્ષિત અને પી.જી. આર્ટસ ફેકલ્ટીનાં જનાંલિઝન સેન્ટરના વિજય પરમારે પોતાની ઉમેદવારી નોંધાવી છે જયારે યુ.જી. આર્ટસ, મેડીકલ અને ડેન્ટલ ફેકલ્ટીની બેઠકો ઉપર આવતીકાલે ઉમેદવારી નોંધવવામાં આવે તેવી શક્યતા છે.

બીજી બાજુ એનએસયુઆઈ દ્વારા ચોથી ફેબ્રુઆરીએ ઉમેદવારી ફોર્મ ભરવામાં આવશે. એનએસયુઆઈ તરફથી યુજી સાયન્સ ફેકલ્ટીમાં ચેતન દેસાઈ, યુ.જી.સાયન્સ ફેકલ્ટીમાં રજનીશ ચૌંધરી, યુ.જી. કોમર્સમાં નિર્મલ આલગોબર. પી.જી. કોમર્સમાં રાહુલ પરીખ,બી.એડમાં મહાવીર સિંહ, પ્રવીણ નકુલ અને પી.જી. આર્ટસ ફેકલ્ટીમાં મુકેશ ચૌંધરી પોતાની ઉમેદવારી નોધાયે તેવી શકયતા વ્યક્ત કરાઈ રહી છે. જો કે અંતિમ ચિત્ર ચોથી ફેબ્રુઆરીએજ જાણવા મળશે.

# શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા સંસ્કારકેન્દ્ર સલાલની થયેલ મૂર્તિ પ્રતિષ્ઠા તેમજ બે દિવસીય સંસ્કાર સિંચન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજના વરદહસ્તે પ્રાંતીજ તાલુકાના સલાલ ગામે સંસ્કાર કેન્દ્ર શ્રી સ્વામિનારાયણ મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત બે દિવસીય સંસ્કાર સિંચન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે આશિર્વાદમાં જણાવ્યું હતું કે આજે મનુષ્યને સત્સંગી, સંસ્કારી બનવા માટેના અનેક પ્રયત્નો સાધુ પુરૂષોને કરવા પડે છે, પરંતુ એલફેલ બનવા કોઈને કંઈ કહેવુ પડતુ નથી. એ તો ઢળતો ઢાળ છે જે ઢળી પડે છે. અજોડ મૂર્તિ શ્રી સ્વામિનારાયણ ભગવાન જણાવે છે કે દુર્લભમાં દુર્લભ છે સાચો સંસ્કારી સત્સંગ. સતશાસ્ત્રનું સેવન સાચા સત્સંગને યારી આપશે અને તે ક્યારેય પણ ખોટા માર્ગે જશે જ નહિ. આજનો મુખ્ય વ્યસનોની વણથંભી



વણઝારથી ઘેરાયેલો હોય છે જેથી તેના જીવનમાં સત્સંગ ઓછો રૂચે છે. મનુષ્યને મહામુલો મોઘો દેહ મળ્યો છે અને તે વાતને સ્વીકારે તો ચોક્કસ તેના જીવનમાં પરિવર્તન આવે અને તે નિર્વ્યસની બને અને પોતાના જીવનને તે બડભાગી બનાવી અનેકને પણ બડભાગી બનાવે માટે સત્સંગથી સંસ્કારી બની જીવન ધન્ય બનાવીએ તેવી હાંકલ કરી હતી.

શ્રી સ્વામિનારાયણ ગાદી પરિવારના યુવા ભાઈ-બહેનોએ આ શિબિરને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે આજુબાજુના વિસ્તારમાંથી તેમજ વિદેશમાંથી પણ હરિભક્તોનો સમુહ ઉપસ્થિત રહ્યો હતો.

# એમ.બી. પટેલ કન્યા શાળામાં ગાંધી નિર્વાણ દિને ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨

તા. ૩૦મી જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિન નિમિત્તે સ્વચ્છતા પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો. ૧ થી ૮ ની કુલ ૧૫૫૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

જેમાં ધો. ૩ થી ૫માં પ્રથમ ચાવડા રોશની એલ., ૫-બ બીજા ક્રમે ભોઈ સુરેખા કે., ૩-ડીમાં ત્રીજા નંબરે પ્રજાપતિ જીનલ એમ. ૪-અ નંબર પ્રાપ્ત કરેલ છે. જ્યારે ધોરણ-૬ થી ૮ માં પ્રથમ મહેતા મૈત્રી ડી., ૭-બીમાં બીજા ક્રમે દવે શ્વેતા જી., ૮-બીમાં ત્રીજા નંબરે વાઘેલા વિરલબા જે., ૬-ડી નંબર પ્રાપ્ત કરેલ છે. શાળા પરિવાર તરફથી સર્વેને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# આજે શહેરમાં સંત શિરોમણી રોહિદાસની જન્મ જયંતિ મનાવાશે

ગાંધીનગર, તા.૨

સેકટર-૬ સ્થિત શ્રી રોહિદાસ સેવા સમાજ ગાંધીનગર દ્વારા સંત શિરોમણી રોહિદાસની ૬૩૮મી જન્મજયંતિની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવશે.

ગુજરાતની રાજધાની ગાંધીનગર ખાતે નિર્માણ પામેલ પવિત્ર પ્રેરણાભૂમિ અને અલૌકિક યાત્રાધામ રોહિદાસ સ્મૃતિ મંદિર અને સેવા સંકુલની ૩૦મી જયંતિ અને સંતશ્રી રોહિતદાસની ૬૩૮મી જન્મજયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાશે. આજે મંગળવારે સવારે ૭.૧૫ કલાકે મંગલા આરતી સવારે ૮.૩૦ કલાકે રોહિદાસ મહારાજની શોભાયાત્રા સમગ્ર શહેરમાં ધામધૂમ પૂર્વક કાઢવામાં આવશે. ત્યારબાદ બપોરે ૨ થી ૩ કલાકે ધર્મસભા તેમજ રાત્રે ૮.૩૦ કલાકે લોક ડાયરો યોજાશે. ધાર્મિક કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

# સર્વકાળના મહાપુરૂષ : મહાત્મા ગાંધી

## વિચારસભા

*- નેહલ જયદીપ ગઢવી*

ગાંધીજી એક યુગપુરુષ, આર્ષદૃષ્ટા હતા. ‘મારું જીવન એ જ મારો સંદેશ’ એ બાબતને તેમણે ખરા અર્થમાં ચરિતાર્થ કરી. ૧૯૫૧માં ગાંધીજી આફ્રિકાથી હિન્દુસ્તાનમાં આવ્યાં. તે સમયે તેમને મળવા આવનારા ઘણા લોકોને લાગતું કે તેઓ તેજસ્વી અને કાર્યકુશળ લાગે છે પરંતુ, અહિંસા દ્વારા ભારતને સ્વરાજ મળી શકે, એ બાબતનો વિશ્વાસ કરવો મુશ્કેલ છે. યુવાવર્ગને લાગતું કે આ દેશને ગુલામીમાંથી મુક્ત કરવા શસ્ત્રયુદ્ધ પણ કરવું જ પડશે. ત્યારે ગાંધીજી આવા યુવાનોને શાંતિપૂર્વક માત્ર એટલું જ કહેતા, ‘તમે મારી પાસે આવો. હું આશ્રમ ખોલવાનો છું. એમાં રહો, મારી કાર્ય પદ્ધતિ સમજી લો. વિશ્વાસ જાગે તો રહો, નહીં તો મને છોડીને ચાલ્યા જાવ.’ કાકાસાહેબ કાલેલકર એ સમયે દેશદાઝની ભાવનાથી ગાંધીજી તરફ આકર્ષાયા અને તેમણે પણ અન્ય યુવાનોની માફક અહિંસા પ્રત્યે પોતાનો અંશય વ્યક્ત કરતાં ગાંધીજીએ પુછ્યું, ‘અહિંસા પ્રત્યે મારા મનમાં આદર છે, પણ મેં એ સ્વીકારી નથી. એવા માણસને આશ્રમમાં લઇ શકશો ખરાં?’ ગાંધીજીએ હસીને પ્રત્યુત્તર આપ્યો, ‘આજે દુનિયામાં તમારી બહુમતી છે. હું અલ્પમતીમાં છું. તમારો જેવાનો ત્યાગ કરું, તો મને સેવક કયાંથી મળવાનાં? અહિંસાની શક્તિ વિશે તમારામાં વિશ્વાસ પેદા કરવો, એ મારું કામ છે. આવા જ એક અન્ય ક્રાંતિકારી કૃપલાની કે જેઓ મુઝફ્ફર પુરની કોલેજમાં પ્રોફેસર હતા અને તેમણે પણ ગાંધીજીને વેધક પ્રશ્ન કરેલો.’ ‘હું ઇતિહાસનો અધ્યાપક છું. અહિંસા દ્વારા રાષ્ટ્ર સ્વતંત્ર થયાનો એક પણ દાખલો મને મનષ્યજાતિના ઇતિહાસમાં મળ્યો નથી.’ આવ પ્રશ્નના ઉત્તરમાં જાણે કોઇ સામાન્ય વાત બોલતા હોય એમ ગાંધીજીએ અત્યંત નમ્રતા પૂર્વક પણ તેટલા જ આત્મવિશ્વાસથી ઉત્તર આપેલો : ‘તમે ઇતિહાસ શીખવનારા છો. હું ઇતિહાસ ઘટનારો છું. અહિંસક પ્રતિકાર દ્વારા આપણે ભારતને સ્વરાજ મેળવી આપીશું. પણ ઇતિહાસના અધ્યાપકો એના પર વ્યાખ્યાનો આપશે.’ અને આ વાત શબ્દશઃ હકીકત બની અને આજે ગાંધીજીના આવા આત્મવિશ્વાસ પર આપણને ગૌરવ અને સન્માનની લાગણી થયા વિના રહે જ નહીં!

ગાંધીજીની અન્ય એક વિશિષ્ટતા એ પણ રહી છે કે તેઓ માર્ગદર્શક અને પથદર્શક સમાન હોવા છતાં તેમની સાથે રહેલા લોકોના દોષ સહન કરતા અને તેમને ટોકતા નહી પરંતુ, ઉદાહરણ આપી પોતાના આચાર વિચારથી જ તેઓ પોતાની વાત સમજાવી દેતા. તેઓ કહેતા : ‘હું એક કુશળ માળી છું. માળી શું કરે છે? એ એક છોડ વાવે એટલે એને ખાતરપીણી આપે. એ છોડની આસપાસ ઘાસ પણ ઊગે છે. એ ઘાસને પણ પેલું ખાતર પાણી મળે છે. છોડની દૃષ્ટિએ ઘાસ અનિષ્ઠ છે. છતાંય માળી તેને તરત ઉખેડી નથી નાખતો. એને ખબર હોય છે કે, ઘાસ ઉખેડવા જઇશ તો પેલા છોડ પણ કદાચ ઉખડી જશે. તેથી એ ધીરજ રાખે છે. પછી સમય જતાં જયારે એને ખાતરી થાય છે કે હવે છોડનાં મૂળીયાં મજબૂત થયાં છે, ત્યારે જ કુશળતા પૂર્વક પેલું ઘાસ ઉખેડી નાખે છે.’ આ વાત ખરેખર સમજવા જેવી છે. આપણે જો મનોમંથન કરીએ અને પોતાનામાં રહેલા દોષો કયાં છે તે શોધવાના પ્રયત્નો કરીએ તો ચોક્કસપણે આપણા વ્યક્તિને વધુ વિકસાવી અને નિખારી શકીએ!



દોષો શોધવા એ તો અઘરું કાર્ય છે જ પરંતુ, એનાથી પણ વિશેષ નજરે પડેલાં એ દોષોને ફેંકી દેવા એ વધુ અઘરું છે. આપણે આજના યુગમાં ‘જનરેશન ગેપ’ નાનો શબ્દ વારંવાર કેટલાય લોકોને મુખે સાંભળ્યો છે. ખરેખર, ‘જનરેશન ગેપ’ આ સમસ્યાનું નિવારણ ગાંધીજીની આ શૈલી મુજબ કરીએ તો એના ધાર્યા પરિણામો ચોક્કસપણે મળી શકે. અંગ્રેજી માધ્યમમાં ભણતા આપણા બાળકોને ગાંધીજીની વાતો કરીને અને સંભળાવીએ તો તેઓ પણ ગાંધીજીની વાતોના મર્મને અને તેના મહત્ત્વને સમજી શકેશે. અંગ્રેજી વિષે પણ બાપુએ કહેલું છે કે, ‘મને પણ અંગ્રેજી કવિતાનો બહુ શોખ હતો. પણ મેં વિચાર કર્યો કે મને અંગ્રેજી કવિતા વાંચવાનો શો અધિકાર? મારી પાસે વખત ફાજલ રહેતો હોય, તો હું મારી ગુજરાતી લખવાની શક્તિ કાં ન વધારું? દેશની સેવા કરવી હોય તો મારો બધો વખત મારી સેવા શક્તિ વધારવામાં રોકાવો જોઇએ. દેશ સેવાને કાજે મેં કાંઇ ત્યાગ કર્યો હોય તો તે અંગ્રેજી સાહિત્યના શોખનો. પૈસા અને ‘કરિયર’ ના ત્યાગને તો હું ત્યાગ ગણતો જ નથી, એ તરફ મને કદી ખેંચાણ જ નહોતું પણ અંગ્રેજી સાહિત્યનો શોખ પાર વગરનો હતો. મેં નિશ્ચય કર્યો છે કે એ શોખ મારે છોડવો જ જોઇએ.’ આપણે સૌ આ બાબતને સમજીએ અને તેમાં બાપુએ કરેલી મીઠી ‘ટકોર’ ને સમજીએ તેનો અમલ કરીએ તો જ બાપુને ખરા અર્થમાં શ્રદ્ધાંજલિ આપી ગણાય.

પોતાની આત્મકથામાં ગાંધીજીએ કેટલાક આશ્ચર્યજનક અને ચોંકાવનારા ખુલાસાઓ પણ કર્યા. તેઓ લખે છે કે, ‘હું જેવો પ્રેમાળ તેવો ઘાતકી પતિ હતો. અમારી વચ્ચે કજિયા તો પુષ્કળ થયા છે, પણ પરિણામ હંમેશાં કુશળ જ આવ્યું છે. પત્નીએ પોતાની અદ્‌ભૂત સહનશક્તિથી જીત મેળવી છે,’ તેઓ કહેતા જ આજે વીરતાનો નાસ થઇ ગયો છે. આપણી સ્ત્રીઓનું રક્ષણ કરવા જેટલી પણ આપણામાં શક્તિ નથી. ધોળે દહાડે ગામમાં ધાડ પડે, એક હજારની વસ્તીમાં આઠ માણસો આવી લૂંટફાટ કરી ચાલ્યા જઇ શકે, એ દેખાવ આપી દુનિયામાં હિન્દુસ્તાનમાં જ બની શકે છે. આઠ માણસને હટાવી ન શકે એવા, શરીરે તદ્દન દુર્બળ નથી. પણ તેઓને મરણનો ભય છે. એવી લડાઇમાં પડી પોતાનું શરીર કોઇ જોખમમાં નાખે? છોને લૂંટે! સરકારનું કામ છે, એ ફોડી લેશે, એમ વિચારી ઘરમાં ભરાઇ રહે છે. પડોશીનું ઘર બળે, તેની લાજ લૂંટાય, માલ જાય, તેની પરવા નથી. જયાં સુધી આ અંધકારનો નાશ નથી થતો, ત્યાં સુધી હિન્દુસ્તાનમાં શાંતિ થવાની નથી. જો આપણે આત્મરક્ષણની શક્તિ પ્રાપ્ત ન કરી શકીએ, તો જમાનાઓ સુધી સ્વરાજ માટે નાલાયક રહેવાના છીએ. આનંદશંકર ધ્રુવ લખે છે તેમ, ‘ગાંધીજી કવિ નથી, વિદ્વાન નથી. ગ્રંથકાર નથી. એક સાદા પત્રકાર છે. પણ પત્રકાર તરીકે એમને ગુજરાતી ભાષામાં સાદી અને સચોટ છતાં તળપદી નહીં; કિંતુ આત્મસંસ્કારથી શોભા ધરાવતી એવી અવર્ણનીય શૈલી દાખલ કરી છે, જે વિદ્વાન અને અવિદ્વાન સર્વને સરખી રીતે મુગ્ધ કરી મૂકે છે.’

જર્મન કવિ ગટેએ કહ્યું છે કે, વિમુતિમાન પુરુષો કોઇના મિત્ર થઇ શકતા નથી. ગાંધીજી કહે છે કે સાચો મોક્ષાર્થી માણસ કોઇનો જ મિત્ર ન થઇ શકે. અથવા આખા જગત સાથે એની મૈત્રી હોય છે. દરેક મહાન વ્યક્તિના ભાગ્યમાં એકલાપણું જ હોય છે. આ મનુષ્ય જીવનનો વસમો વિરોધાભાસ છે કે જેમ જેમ માણસ વિશ્વ સાથે તાદાત્મય પામવાને માર્ગે વિકાસ સાધે, તેમ તેમ એ વિશ્વની વધુ ને વધુ વિખૂટો પડતો જાય છે. બધાંને પોતાના કરવા જતાં પોતે જ એકલવાયો પડી જાય છે. મહત્ત્વ એટલે જ મિત્ર રહિત દશા. દક્ષિણ આફ્રિકામાં એકવાર એક ગોરો ગાંધીજીને મળવા આવ્યો અને બોલ્યો : ‘મિસ્ટર ગાંધી, હું તમારો એક પ્રશંસક છું - ‘છું’ કહેવા કરતાં ‘હતો’ કહેવું જોઇએ. મારા મનમાં તમારા માટે અસીન ભક્તિ હતી. હવે તે રહી નથી. કારણ કે મારો દૃઢ મત છે કે જેના જીવનમાં શુદ્ધ અધ્યાત્મ હોય છે, એને લોકો માનતા નથી હોતા. એમને વિશે અનેક ગેરસમજ ફેલાય છે અને તેને એકલા પોતાના રસ્તે જવું પડે છે.’ ગાંધીજીનો યશ જોઇને ગાંધીજી પરની પોતાની ભક્તિ નષ્ટ થઇ, એવું કહેનારો એ ગોરો અત્યારે જો જીવતો હોત તો ગાંધીજીના છેલ્લા દિવસો અને જીવનના કરૂણ અંતને જોતાં એણે અવશ્ય કહ્યું હોત કે ક્રોસ પર ચડનારા ઇશુનો જ આધુનિક અવતાર છે!